


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 204
Dt.: 06-04-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### બંગાળમાં ઘૂસણખોરી ચિંતાનો વિષયઃ મોદી

# ચૂંટણી પછી પાપોનો હિસાબ થશે : વડાપ્રધાન મોદી

### કૂચબિહારના બ્રિગેડ ગ્રાઉન્ડમાં આયોજિત જનસભામાં મોદીએ તૃણમૂલ કોંગ્રેસ પર આકરાં પ્રહાર કર્યા હતા



(સંપૂર્ણ સમાચાર સેવા)કૂચબિહાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભારતયી જનતા પાર્ટી માટે પ્રચાર કર્યો હતો. કૂચબિહારના બ્રિગેડ ગ્રાઉન્ડમાં આયોજિત જનસભામાં પીએમ મોદીએ રાજ્યના સત્તા પક્ષ તૃણમૂલ કોંગ્રેસ પર આકરાં પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે TMC બંગાળમાં ભ્રષ્ટાચાર અને ભયનું રાજકારણ કરે છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, આ વખતે બંગાળ પાસે બે જ વિકલ્પ છે. એક તરફ TMCનો ભય, 'કટ'મની અને ભ્રષ્ટાચાર છે, તો બીજી તરફ ભાજપનો વિકાસ અને ભરોસો છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે TMC સરકારે બંગાળમાં લોકશાહીને નબળી પાડી છે અને બંધારણીય સંસ્થાઓનું અપમાન કર્યું છે. વડાપ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ચૂંટણી બાદ TMCના 'પાપો'નો હિસાબ થશે અને કાયદો પોતાનું કામ કરશે. પીએમ મોદીએ બંગાળમાં વધતી ઘૂસણખોરી અને બદલાતી ડેમોગ્રાફી પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે એક તરફ વિદેશીઓને વસાવવાનું જોખમ છે, જ્યારે ભાજપ ઘૂસણખોરી રોકવા અને નાગરિકોને સુરક્ષા આપવાની ખાતરી આપે છે. તેમણે માલદાની ઘટનાનો ઉલ્લેખ કરી બંગાળની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉઠાવ્યા હતા. બંગાળને શક્તિની પૂજાની ભૂમિ ગણાવતા પીએમ મોદીએ કહ્યું કે ભાજપ હંમેશા મહિલાઓના સન્માન અને સુરક્ષા માટે કામ કરશે. તેમણે કેન્દ્ર સરકારની યોજનાઓ અને સંસદમાં મહિલા અનામત કાયદાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે આગામી સમયમાં રાજકારણમાં મહિલાઓની ભાગીદારી વધશે અને તેમને તેમનો હક મળશે.

### ચૂંટણી વચ્ચે ભાજપે શરૂ કર્યો અનામતનો ખેલ

## ઓડિશામાં SC-STનું રિઝર્વેશન ડબલ, OBCને પણ લાભ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભુવનેશ્વર

ઓડિશાની મોહન ચરણ માઝી સરકારે રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં દાયકાઓથી ચાલી આવતી અનામત વ્યવસ્થામાં ધરખમ ફેરફાર કરીને એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. શનિવારે મોડી રાત્રે મળેલી કેબિનેટ બેઠકમાં મેડિકલ, એન્જિનિયરિંગ અને ઉચ્ચ તકનીકી શિક્ષણમાં SC, ST અને SEBC (સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) માટે અનામતની મર્યાદા લગભગ બમણી કરી દેવામાં આવી છે. ઓડિશાના મુખ્યમંત્રીના જણાવ્યા મુજબ, હવે રાજ્યની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં બેઠકોની વહેંચણી નવા દરો પર થશે. ST (અનુસૂચિત જનજાતિ): અનામત ૧૨% થી વધારીને ૨૨.૫૦% કરાયું છે. SC (અનુસૂચિત જાતિ): કોટા ૮% થી વધારીને ૧૬.૨૫% કરાયો છે.

SEBC (પછાત વર્ગ): પ્રથમ વખત ૧૧.૨૫% બેઠકો અનામત રાખવામાં આવી છે. નોંધનીય છે કે આ ફેરફારો છતાં સરકારે કુલ અનામતને ૫૦% ની મર્યાદામાં જ રાખી છે, જેથી કોઈ કાનૂની ગૂંચ ઉભી ન થાય. આ નિર્ણયથી ડોક્ટર કે એન્જિનિયર બનવાનું સપનું જોતા હજારો વિદ્યાર્થીઓને સીધો ફાયદો થશે. મેડિકલ ક્ષેત્રે રાજ્યની કુલ ૨,૪૨૧ બેઠકોમાંથી હવે ST માટે ૫૪૫ (પહેલા ૨૯૦ હતી) અને SC માટે ૩૯૩ (પહેલા ૧૯૩ હતી) બેઠકો ફાળવવામાં આવશે.

SEBC માટે ૨૭૨ બેઠકો સુરક્ષિત રહેશે. એન્જિનિયરિંગ ક્ષેત્રે કુલ ૪૪,૫૭૯ બેઠકોમાંથી ST ને ૧૦,૦૩૦ અને SC ને ૭,૨૪૪ બેઠકો મળશે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ જણાવ્યું કે, આ પગલું આ સમુદાયોની વસ્તીના પ્રમાણમાં તેમને અધિકાર આપવા અને સામાજિક સશક્તિકરણ સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યું છે. આ નીતિ રાજ્યની તમામ યુનિવર્સિટીઓ, ITI, પોલિટેકનિક અને આયુર્વેદ-કૃષિ વિજ્ઞાન જેવા તમામ ટેકનિકલ કોર્સમાં લાગુ પડશે. રાજકીય જાણકારો આને ભાજપનો મોટો માસ્ટરસ્ટ્રોક માની રહ્યા છે. SEBC ને પ્રથમ વખત અનામત આપીને અને SC-ST કોટામાં મોટો વધારો કરીને ભાજપે નવીન પટનાયકના ગઢમાં ગાબડું પાડવા અને મોટા વોટ બેંકને પોતાની તરફ ખેંચવાનો પ્રયાસ કર્યો છે.

## ભાજપે બંગાળ ચૂંટણી માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે, તમામ રાજકીય પક્ષોના નેતાઓ ધમધોકાટ જનસભાઓ ગજવી રહ્યા છે, ત્યારે આ જ ક્રમમાં ભાજપે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. યાદીમાં પક્ષના ટોચના નેતૃત્વથી લઈને બોલિવૂડ સ્ટાર અને જાણીતા ચહેરા સામેલ કર્યા છે. આ સ્ટાર પ્રચારકો રાજ્યભરમાં ચૂંટણી પ્રચારની જવાબદારી સંભાળશે. ભાજપની સ્ટાર પ્રચારકોની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ શિંહ, ગૃહમંત્રી અમિત શાહ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી.નડ્ડા અને કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી જેવા મોટા નામો સામેલ છે. આ ઉપરાંત શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા પણ બંગાળ ચૂંટણી મેદામાં જંપ લાવીને પ્રચાર કરશે. ભાજપની આ વખતની સ્ટાર પ્રચારકોની યાદીમાં ફિલ્મ અને રમત-જગતના જાણીતા ચહેરાને પણ સામેલ છે. અભિનેતા મિથુન ચક્રવર્તી, હેમા માલિની, કંગના રનૌત તેમજ પૂર્વ ટેનિસ ખેલાડી લિએન્ડર પેસ અને ગાયક-રાજકીય નેતા મનોજ તિવારીને પણ સ્ટાર પ્રચાર બનાવ્યા છે. આ ઉપરાંત સ્મૃતિ ઈરાની, અનુરાગ ઠાકુર, અશ્વિની વૈષ્ણવ, અન્નપૂર્ણા દેવી, અર્જુન મુંડા, ભૂપેન્દ્ર યાદવ, બિપ્લવ કુમાર દેબ, મંગલ પાંડેય, સમ્રાટ ચૌધરી જ્યારે રાજ્ય સ્તરે સુવેન્દુ અધિકારી, દિલીપ ઘોષ, સુકાંત મજૂમદાર, શાંતનુ ઠાકર, રાજૂ બિસ્તા, જયંત કૃષ્ણ રૉય અને મનોજ ટિગ્ગાને પણ યાદીમાં સામેલ કર્યા છે.

### ૪૦ વર્ષની આતુરતાનો આવશે અંત

## સંસદમાં મહિલા અનામત માટે PM મોદીનો માસ્ટરપ્લાન તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ૧૬, ૧૭ અને ૧૮ એપ્રિલના રોજ ગૃહની વિશેષ બેઠક બોલાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વિશેષ સત્રનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતા દેશની મહિલાઓને ૩૩ ટકા અનામતનો લાભ અપાવવાનો સંકલ્પ દોહરાવ્યો છે. તેમનું આ નિવેદન માત્ર મહિલાઓના રાજકીય ભવિષ્યને સુરક્ષિત કરનારું નથી, પરંતુ દક્ષિણ ભારતની મોટી ચિંતાને પણ દૂર કરવાનો પ્રયાસ છે. વડાપ્રધાને જણાવ્યું કે, "આ અમારી જ સરકાર છે જેમણે લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો માર્ગ મોકળો કર્યો છે." તેમણે ઉમેર્યું કે આ કાયદાનો લાભ ૨૦૨૯ની લોકસભા ચૂંટણીથી મળવાનું શરૂ થઈ જાય તે માટે કાયદો બનાવવા અને વર્તમાન જોગવાઈઓમાં સુધારો કરવાની જરૂર છે. આ માટે ૧૬ થી ૧૮ એપ્રિલ દરમિયાન એક ખાસ સત્ર બોલાવવામાં આવ્યું છે.

વિશેષ સત્રના એજન્ડામાં બીજું સૌથી મહત્વનું પાસું સીમાંકન અને બેઠકોની સંખ્યા સાથે જોડાયેલું છે. વડાપ્રધાને તે રાજ્યોની આશંકાઓ પર વિરામ મૂક્યો જેમણે જનસંખ્યા નિયંત્રણમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. કેરળ, તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગોવા અને તેલંગાણા જેવા રાજ્યોમાં એવી અફવા ફેલાવવામાં આવી રહી છે કે વસ્તી ઓછી હોવાને કારણે તેમની લોકસભા બેઠકો ઘટી જશે. વડાપ્રધાન મોદીએ ખાતરી આપતા કહ્યું કે કેરળ હોય કે તમિલનાડુ, દક્ષિણ ભારતના કોઈપણ રાજ્યની બેઠકો ઓછી નહીં થાય. તેના બદલે મહિલાઓ માટે જે બેઠકો હશે, તે વધારાની (એડિશનલ) બેઠકો હશે. આનાથી મોટો ફાયદો થશે." તેમણે રાજકારણથી આગળ વધીને આ મુદ્દા પર એકતા માટે અપીલ કરી. તેમણે જણાવ્યું કે સરકારે કોંગ્રેસ અને ભારત ગઠબંધનના તમામ પક્ષોને વાતચીત માટે આમંત્રણ આપ્યું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, "અમે સંસદમાં એક એવો કાયદો પસાર કરવા માંગીએ છીએ જે સુનિશ્ચિત કરે કે લોકસભાની બેઠકોની સંખ્યા ક્યાંય પણ ઓછી ન થાય. મહિલાઓ માટે અનામત બેઠકોની સંખ્યા વધારવી જોઈએ. આનાથી આપણા દક્ષિણ રાજ્યોને ઘણો ફાયદો થશે. આ માટે, અમે કાયદામાં સુધારો કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવી રહ્યા છીએ. અમને આશા છે કે વિરોધ પક્ષો અમારી સાથે સંમત થશે અને અમને ટેકો આપશે."

વડાપ્રધાને જનતાને પણ આગ્રહ કર્યો છે કે તેઓ કોંગ્રેસ અને LDF જેવા પક્ષો પાસેથી વચન લે કે મહિલાઓના અધિકારનો આ કાયદો બિનહરીફ પસાર થવો જોઈએ. તેમણે કહ્યું, "માતાઓ-બહેનોનો આ હક છેલ્લા ૪૦ વર્ષથી લટકેલો છે, જેને હવે ૨૦૨૯ માટે ફરીથી લટકાવી શકાય નહીં." આ ખાસ સત્રનું મુખ્ય આકર્ષણ નારી શક્તિ વંદન કાયદામાં સુધારો હશે.

### ભારત પહોંચ્યું મહામશીન

## હવે સમુદ્રની નીચે ૨૧૩ ફૂટની ઊંડાઈએ ફટાફટ દોડશે બુલેટ ટ્રેન

### પાણીના બોરિંગનું કામ કરવા ચીનથી ખાશ મશીન મંગાવાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની પ્રથમ હાઈ સ્પીડ બુલેટ ટ્રેનને ઓગસ્ટ ૨૦૨૭થી શરૂ કરવાની તૈયારી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ઝડપથી કામ ચાલી રહ્યું છે. આ ટ્રેન શરૂ થયા બાદ અમદાવાદથી મુંબઈ (૫૦૮ કિમી) માત્ર ૨ કલાક ૫૦ મિનિટમાં પહોંચી શકાશે. અમદાવાદથી મુંબઈ વચ્ચે આ ટ્રેન ૨૧ કિમીનું અંતર જમીનની નીચે કાપશે. જેનો કેટલોક હિસ્સો સમુદ્રની નીચેથી પસાર થશે.

પાણીના ૨૧૩ ફૂંટ ઊંડાણમાં ૨૫૦ કિમીની ઝડપે ટ્રેન દોડાવવી સરળ નથી. તે માટે ટનલ બનાવવામાં આવી રહી છે. ચીનથી આવનાર મહામશીનની મદદથી આ કામ ઝડપથી થઈ શકશે.

મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ માટે સમુદ્રની નીચે ટનલ બનવાની છે. આ રૂટ પર ૨૧ કિમીનો હિસ્સો જમીન અને પાણીની નીચે છે. પાણીના બોરિંગનું કામ કરવા માટે ચીનથી ખાશ મશીન મંગાવવામાં આવ્યું છે. સમુદ્રની નીચે ટનલ બનાવવા માટે ચીનથી ટનલ બોરિંગ મશીન ભારતના મુંબઈ પોર્ટ પર પહોંચી ગઈ છે. આ મશીનને જર્મનીની કંપનીના ચીન યુનિટે તૈયાર કર્યું છે. ચીનથી આ મશીન ભારત પહોંચ્યું છે. ૧૩.૬૫ મીટર વ્યાસવાળી ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) નો ભારતમાં પ્રથમવાર કોઈ રેલ પ્રોજેક્ટમાં ઉપયોગ થશે. મેટ્રો ટનલમાં ઉપયોગ થનાર ટર્નલ મશીનનો વ્યાજ ૫થી ૬ મીટરનો હોય છે.

ચીનથી આ મશીન ટુકડામાં આવી છે, જેને એસેમ્બલ કરવામાં ઓછામાં ઓછા ૯૦ દિવસનો સમય લાગશે. મિક્સ્ડ-શીલ્ડ ટનલ બોરિંગ મશીનને ખોદકામવાળી સાઈટ સુધી પહોંચાડવા માટે ૧૫૦થી વધુ ટ્રેલરોની જરૂર પડશે.

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) ના એમડી અચલ ખરે પ્રમાણે સમુદ્રની નીચે ૭ કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં સરળતા થશે. ઠાણે ક્રીકની નીચે આ સાત કિમીની ટનલ બનવાની છે. સમુદ્ર સપાટીથી આ ટનલની ઊંચાઈ ૨૫-૬૫ મીટર (૮૨-૨૧૩ ફૂટ) છે.

ચીનથી આવેલ આ ટીએમસી મશીન ખાસ કંપન અને અવાજની સાથે જમીનનું કટિંગ કરી ઝડપથી ખોદકામ કરે છે. કટિંગ અને ખોદકામની સાથે-સાથે આ મશીન કાટમાળ હટાવવા અને ટનલને કોંક્રીટથી મજબૂત કરવાનું કામ પણ કરશે.

રેલ મંત્રાલય તરફથી આપવામાં આવેલી જાણકારી પ્રમાણે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન ૧૫ ઓગસ્ટ ૨૦૨૭ સુધી શરૂ થવાની આશા છે. પ્રથમ તબક્કામાં તે ગુજરાતના સુરતથી બિલિમોરા સેક્શન વચ્ચે ચાલશે.

### અમેરિકાને કરોડોનું નુકસાન

## ઈરાનનો મોટો ધડાકો! રેસ્ક્યૂ ઓપરેશનમાં ઘૂસેલા એરક્રાફટના કુરચેકુરચા ઉડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન



મધ્ય પૂર્વમાં યુદ્ધ શરૂ થતાં જ એવું લાગતું હતું કે, અમેરિકાના એડવાન્સ હથિયારો સામે ઈરાનના હથિયારો પત્તાના મહેલની જેમ ઉડી જશે. જોકે સતત એવા અહેવાલો સામે આવી રહ્યા છે કે, ઈરાન આક્રમક હુમલા કરીને અમેરિકાના એક પછી એક જેટ, હેલિકોપ્ટરને નષ્ટ કરી રહ્યો છે. ઈરાને તાજેતરમાં જ અમેરિકાના બે ફાઈટર જેટ, એક મોટું એરક્રાફ્ટ અને અનેક હેલીકોપ્ટર ઉડાવી દીધા હતા, ત્યારે હવે તેણે ઈરાનમાં ઘૂસેલા અમેરિકાના વધુ બે એરક્રાફટના કુરચેકુરતા ઉડાવી દીધા હોવાનો દાવો કર્યો છે. ઈરાને મોટો ઘટસ્ફોટ કર્યો છે કે, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ અમેરિકાના બે એરક્રાફટો ઉડાવી દીધા છે. જોકે આ એરક્રાફટ કયું હતું, તેની કોઈ માહિતી સામે આવી નથી. વાસ્તવમાં ઈરાને તાજેતરમાં જ F-15E ફાઈટર જેટ તોડી પાડત તેનો પાયલટ ગુમ થઈ ગયો હતો, જેને શોધવા માટે અમેરિકાએ ઈરાનની અંદર ઘૂસીને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ટીમમાં ૧૦૦થી વધુ કમાન્ડો, ડઝનથી વધુ હેલિકોપ્ટરો અને અત્યાધુનિક હથિયારો હતા. આમાંથી બે એરક્રાફટ તોડી પાડ્યા હોવાનો ઈરાને દાવો કર્યો છે. ઈરાન જમીન પરથી સતત દુશ્મનો પર હુમલાઓ કરી રહ્યું છે. મુંબઈ સ્થિત ઈરાનના વાણિજ્ય દૂતાવાસ દાવો કર્યો છે કે, 'ઈરાનની વિશેષ સેનાએ જોરદાર ગોળીબાર કરતા અમેરિકાનું C-130 સપોર્ટ વિમાન નષ્ટ થઈ ગયું છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ ઈરાની સેનાએ એક રીફ્યૂલિંગ વિમાનને પણ તોડી પાડ્યું છે.' આ નિવેદન પહેલા ઈરાની કોન્સ્યુલેટે દાવો કર્યો હતો કે, IRGCએ અમેરિકાનું એક વિમાન નષ્ટ કી નાખ્યું છે. આ વિમાન F-15E ફાઈટર જેટના ગુમ થયેલા પાયલટને શોધવા નિકળ્યું હતું. બીજીતરફ અમેરિકાએ ઈરાનના દાવાને પાયાવિહોણા ગણાવ્યા છે. ઈરાનની સરકારી એજન્સી તસ્નીમ સહિત ઈરાની સૂત્રોએ દાવો કર્યો કે, રેસ્ક્યૂ ઓપરેશનમાં આવેલા અમેરિકન સી-૧૩૦ હરક્યૂલિસ અને બ્લેક હૉક હેલિકોપ્ટરને ઈરાને ટાર્ગેટ કર્યું છે. બે યુએસ બ્લેક હૉલ હેલિકોપ્ટર નષ્ટ થયો હોવાનું અમેરિકાએ પણ સ્વિકાર્યું છે, જોકે તેણે સી-૧૩૦ હરક્યૂલિસ વિમાન તૂટ્યું હોવાના દાવાને ખોટા ગણાવ્યા છે. અમેરિકા ઈચ્છતું નથી કે, ઈરાનની સેના તેના જીવિત પાયલાટને પકડે. આ જ કારણે તેણે પાયલાટની શોધખોળ કામગીરીમાં ૧૨ હેલિકોપ્ટર સાથે ૧૦૦ કમાન્ડો ઉતાર્યા હતા અને જ્યાં હેલિકોપ્ટર વિમાન તૂટી પડ્યું હતું, ત્યાં આ કમાન્ડો સતત નજર રાખી રહ્યા હતા. અનેક કલાકોની મહેનત બાદ અમેરિકાએ ગુમ થયેલા બીજા પાયલટને શોધી કાઢ્યો છે, જ્યારે વિમાન તૂટી પડ્યું ત્યારે પહેલો પાયલટને પહેલેથી જ શોધી કાઢ્યો હતો.

## નેપાળ સરકારનો મોટો નિર્ણય, અઠવાડિયામાં ૨ દિવસની રજા

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમાંડુ

નેપાળ સરકારે આજે(૫ મે) બે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધા છે, જે હેઠળ હવે સરકારી કાર્યાલયો માટે અઠવાડિયામાં શનિવાર અને રવિવાર બંને દિવસ રજા જાહેર કરાઈ છે. નવા નિર્ણયમાં સરકારી કચેરીઓના ખુલવાનો સમય સવારે ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી નક્કી કરાયો છે.

સરકારના પ્રવક્તા સસ્મિત પોખરેલે જણાવ્યું કે, સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં હવે શનિ-રવિ રજા રહેશે. પેટ્રોલિયમ જરૂરિયાતોમાં ઉત્પન્ન અસહજ સ્થિતિના કારણે આ નિર્ણય લેવાયો છે. નેપાળમાં અત્યાર સુધી માત્ર શનિવારે અઠવાડિયાની રજા મળતી હતી પરંતુ આ અઠવાડિયાથી શનિવારની સાથે રવિવારે પણ રજા આપવામાં આવશે. સરકારે સરકારી કાર્યાલયોનો સમય સવારે ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી નક્કી કરવાનો પણ નિર્ણય લેવાયો છે. મંત્રિપરિષદની બેઠકે શૈક્ષણિક સંસ્થાઓ સિવાય અન્ય સરકારી કચેરીઓનો સમય ૯ વાગ્યાથી ૫ વાગ્યા સુધીનો રાખવાનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી નેપાળમાં સરકારી કચેરીઓમાં સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી કામ થતું હતું જેમાં સવારે એક કલાકનો સમય વધારાયો છે. આ નવી વ્યવસ્થા સોમવારથી સમગ્ર દેશમાં લાગુ થઈ જશે.




